**તા . 01-10-15 પહેલા રજીસ્ટર્ડ થયેલા ટ્રાન્સપોર્ટ વાહનોમા સ્પીડ ગવર્નર લગાવવા બાબત.**

ક્રમાંક: એમવીપી / ટ્રાન્સપોર્ટ વાહનો / સ્પીડ ગવર્નર / 2008
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી, બ્લોક નં 6, 2/ 3 માળ,
ડો. જીવરાજ મેહ્તા ભવન, ગાંધીનગ, ગુજરાત રાજ્ય
તારીખ : - 3 – 2017. 1 APR 2017

: પ રિ પ ત્ર :

વંચાણે લીધા :-

(1) કેન્દ્ર સરકારનુ તા 15-04-15 નુ જાહેરનામુ ક્રમાંક 290(ઇ)

(2) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના જાહેરનામા ક્રમાંક – પીટી – 2016 – 47 – એમવીડી – 102016- 21- ખ, તા. 29-09-16 તથા જાહેરનામા ક્રમાંક : પીટી – 2016 – 50 – એમવીડી – 102016- 21-ખ તા 24-10-2016.

આ મુ ખ.

માર્ગ અકસ્માતોના કારણો પૈકી એક મહત્વનુ કારણ ઓવર સ્પીડીંગ છે. ટ્રાન્સપોર્ટ વાહનોમાં ઓવર સ્પીડીંગને નિયંત્રીત કરવા કેંન્દ્રીય મોટર વાહન નિયમો, 1989 ના નિયમ – 118 મા ટ્રાન્સપોર્ટ વાહનોમા સ્પીડ ગવર્નર લગાવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ નિયમમાં કેન્દ્ સરકારના તા.15/4/2015 ના જાહેરનામાથી સુધારો કરી ટ્રાન્સપોર્ટ વાહનોમા સ્પીડ ગવર્નર લગાડવા નવી જોગવાઇ કરવામા આવેલ છે. આ જોગવાઇ મુજબ તા. 01-10-15 ના રોજ કે ત્યાર બાદ ઉત્પાદીત થતા નવા વાહનોમા સ્પીડ ગવર્નર તે વાહનોના ઉત્પાદક સ્તરેથી લગાડવાનુ થાય છે. જ્યારે તા. 01-10-15 પહેલા રજીસ્ટર્ડ થયેલા ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગવર્નર લગાડવા રાજય સરકાર ધ્વારા વિભાગના તા. 29/09/2016 અને તા.24/10/2016 ના જાહેરનામાથી વિવિધ પ્રકારના વાહનોમાં સ્પીડ લીમીટ નિશ્ચિત કરવામાં આવેલ છે. આ જાહેરનામામાં અમલીકરણ બાબતે સ્વયંસ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ હોવા છતાં તેના અમલ બાબતે વિવિધ સ્તરેથી પૃચ્છાઓ થતી રહે છે. આથી તા.01/10/2015 પહેલા રજીસ્ટર્ડ થયેલા ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગવર્નર લગાવવા નીચે પ્રમાણે સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**સુચનાઓ** :

(1) આ સ્પીડ ગવર્નર AIS018, AIS037 તેમજ AIS004 (Part 3) ધોરણ ધરાવતુ હોવુ જોઇએ. આ સ્પીડ ગવર્નર નીચે દર્શાવેલી એજન્સીઓ પૈકીની કોઇપણ એક એજન્સીમાથી ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ મેળવેલ ઉત્પાદક ધ્વારા ઉત્પાદન કરાયેલ હોવુ જોઇએ.

| ક્રમ | એજન્સીનુ નામ |
|---|---|
| 1 | એઆરએઆઇ. પુણે |
| 2 | વીઆરડીઇ, અહેમદનગર |
| 3 | સીઆઇઆરટી, પુણે |
| 4 | આઇકેટ, માનેસર (હરિયાણા) |

(2) ટાઇપ એપૃવ્ઙ સ્પીડ ગવર્નર ઉત્પાદક ISO / TS 16949 અધિકૃત એજન્સી દ્વારા કોમ્પ્લાયન્ટ હોવો જોઈએ. સ્પીડ ગવર્નરના ઉત્પાદક કે તેના અધિકૃત વિક્રેતા દ્વારા જ આ સ્પીડ ગવર્નર ટ્રાન્સપોર્ટ વાહનમાં લગાવી શકાશે.

(3) વાહનની વિન્ડ સ્કીન પર સ્ટીકર લગાવવાનુ રહેશે. જેમા વાહનની સ્પીડ લીમીટ અને બારકોડ હશે. આ બારકોડમાં જેમા વાહનની સંપુર્ણ વિગતો રાખવાની રહેશે અને જેમા ઓનલાઇન સિસ્ટમથી જનરેટેડ ફીટ્નેસ સર્ટીફીકેટમા ફીટ કરેલ સ્પીડ ગવર્નરનો તથા વાહનના રજીસ્ટ્રેશનના ફોટાનો સમાવેશ કરવાનો રહેશે.

(4)

(એ) ટાઇપ એપ્રુવ્ સ્પીડ ગવર્નરના ઉત્પાદકો દ્વારા ઉત્પાદીત તેની પાસે ઉપલબ્ધ ટ્રાન્સપોર્ટ વાહનોના વિવિધ મોડેલ – વાઇસ સ્પીડ ગવર્નરની યાદી તેના ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ(TAC) અને માન્ય કમ્ફોર્મીટી ઓફ પ્રોડક્શન (COP) સર્ટીફીકેટ સાથે અરજી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમા રજુ કરવાની રહેશે. તેમા ફીટમેન્ટ બાબતમા રીયલ ટાઇમ માહિતી ઉપલબ્ધ કરવાના હેતુ સર MIS સિસ્ટમ તૈયાર કરી તેના સંપૂર્ણ ઓનલાઇન એક્સેસ સાથે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમા રજુ કરવાનુ રહેશે. જેને ચકાસી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા આ ઉત્પાદકની નોંધણી કરવામાં આવશે અને તેની જાણ તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓને કરવામાં આવશે.

(બી) ઉત્પાદકે વિવિધ પ્રકારના (fuel type) સ્પીડ ગવર્નરના નમુના જમા કરવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે ટ્રાન્સપોર્ટ કમિશ્નર દ્વારા સ્પીડ ગવર્નર (on road testing) ની તથા એમઆઇએસ ની સંપૂર્ણ ચકસણી ના પરિણામના આધારે ઉત્પાદકોની નોંધણી કરવામા આવશે.

(સી) અધિકૃત ઉત્પાદકે એન્યુઅલ મેંટેનન્સ કોન્ટ્રાક્ટ માટેની વ્યવસ્થા કરવાની રહેશે જેથી દર વર્ષે સ્પીડ ગવર્નર ચાલુ છે કે કેમ તેની ખાતરી પણ કરી શકાય તેની સાથે કોઇ ચેડા ના થાય તે પ્રમાણે ની ખાત્રી પણ કરવાની રહેશે.

(ડી) ફરીયાદ નિવારણ માટેની પ્રોસેસનુ આયોજન કરવાનુ રહેશે.

(ઇ) ઉત્પાદકે રૂ 25,00,000/- ની ઇરીવોકેબલ અને અનકંડીશનલ બેંક ગેરેંટી રજુ કરવાની રહેશે. આ બેંક ગેરંટીની વેલીડીટી 5 વર્ષની રહેશે જે તે કન્ફર્મેશન લેટર મળ્યાના 15 દિવસની અંદર ટ્રાન્સપોર્ટ કમિશ્નરને જમા કરવાની રહેશે.

(એફ) વાહન વ્યવહાર કમિશ્નરશ્રી દ્વારા નીચે પ્રમાણેના રજીસ્ટરના નમુનામાં આ નોંધ કરવાની રહેશે.

| ક્રમ | સ્પીડ ગવર્નર ઉત્પાદકનુ નામ | સરનામું | જે જિલ્લાઓમાં ફીટમેન્ટ કરવાના હોય |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| | | | |

(જી) રજીસ્ટરમા જે ક્રમમાં આવતો હોય તે નંબર જે તે સ્પીડ ગવર્નર ઉત્પાદકનો નોધણી નંબર ગણાશે.

(એચ) સ્પીડ ગવર્નર ઉત્પાદક તેના અધિકૃત વિક્રેતાની નિમણુક કરવા માંગતા હોય ત્યારે ઉત્પાદક તરફથી અધિકૃત વિક્રેતાની નિમણુક નો પત્ર સાથે વાહન વ્યવહાર કમિશ્નર કચેરીમાં અરજી રજુ કરવાની રહેશે. તથા અધિકૃત વિક્રેતા દ્વારા ઉપર જણાવેલ પારામા ઉલ્લેખ થયેલ પધ્ધતિ અનુસરી નોંધણી કરવાની રહેશે.

(આઇ) ટ્રાન્સપોર્ટ વાહનમાં સ્પીડ ગવર્નર ફીટ કરતી વખતે ઉત્પાદક દ્વારા આ સાથેના "પરિશિષ્ટ"ના નમુનામાં જ ઓનલાઇન મેનેજમેનન્ટ સીસ્ટ્મ(MIS) દ્વારા જનરેટ કરેલ ફીટમેન્ટ સર્ટીફીકેટ આપવાનુ રહેશે.

જે) સ્પીડ ગવર્નર ફીટ કરેલું ટ્રાન્સપોર્ટ વાહન કચેરીમાં આવે ત્યારે ઉત્પાદકે અથવા તેના અધિકૃત ડીલરે ફીટ કરેલ સ્પીડ ગવર્નર તથા તેના સંબંધમા આપેલ ફીટમેન્ટ સર્ટીફીકેટને ચકાસી સ્પીડ ગવર્નર અને ફીટમેન્ટ સર્ટીફીકેટ નો સીરીયલ નંબર સરખો હોય તથા બારકોડ હોય જેમા ઉપરોક્ત બધી માહિતી હોય તો જ એપ્રુવલ આપવાનુ રહેશે. અને આ ફીટમેન્ટની વિગતે ફકરા-એફ નીચેના પત્રકમાં નીભાવવાની રહેશે.

(કે) અરજી સાથે ઉત્પાદનના પુરાવા, ફેક્ટરી લાઇસન્સ સર્ટીફીકેટ, એક્સાઇસ અને વેટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, પી એફ અને ઈએસઆઇસી સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે. વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીને ઉત્પાદક સ્થળ નો નિરીક્ષણ કરવા માટે અધિકાર રહેશે.

(એલ) અરજી સાથે છેલ્લા ત્રણ ફાઇનાનસીયલ વર્ષના એક્સાઇઝ રીટર્ન, સેલ્સ ટેક્ષ રીટર્ન, ઇન્કમટેક્ષ રીટર્નસ અને ઇએસઆઇસી અને પીએફ રીટર્ન જમા કરાવવા.

(એમ) વાહનના ફીટનેસ સર્ટીફીકેટના રિન્યુઅલ વખતે જે તે સ્પીડ ગવર્નરના ઉત્પાદક પાસેથી ઇશ્યુ કરેલ સ્પીડ ગવર્નરના સંતોષકારક કામગીરીનુ જે તે વર્ષનુ કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે.

(એન) સ્પીડ ગવર્નર ફીટ કરનાર ઉત્પાદક અથવા તેના અધિકૃત વિક્રેતાએ દૈનિક રિપોર્ટ ઓનલાઇન એમઆઇએસ દ્વારા નીચેના નમુનામા જે તે આરટીઓ-એઆરટીઓને રીપોર્ટ આપવાનો રહેશે. આવો રિપોર્ટ નહી મળે તો જે તે સ્પીડ ગવર્નર ઉત્પાદક / ડીલરનુ કામ આરટીઓ/એઆરટીઓ / વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા અટકાવી લેશે. .

રિપોર્ટનો નમુનો :

| ક્રમ | વાહનનો રજી. નંબર સાથે એન્જીન – ચેસીસ નંબર | વાહનનું મેઇક અને મોડલ | વાહનનો વર્ગ / ટાઇપ | સ્પીડ ગવર્નર ઉત્પાદકનુ નામ | સ્પીડ ગવર્નરના ટેસ્ટીંગ રીપોર્ટ નંબર | સ્પીડ ગવર્નરનો સીરીયલ નંબર | સ્પીડ ગવર્નર ફીટ કરનાર ઉત્પાદક / અધિકુત વિક્રેતાનુ નામ – સરનામું | ફીટમેન્ટ થયા તારીખ | પ્રીસેટ સ્પીડ | સીલ માર્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| | | | | | | | | | | |

(ઓ) અધિકૃત ઉત્પાદકે તથા અધિકૃત ડીલર દ્વારા ફીટ કરેલ દરેક સ્પીડ ગવર્નરના બીલ(ટેક્સ કલેક્ટેડ) તથા જમા કરાવેલ ટેક્સની વિગત આપવાની રહેશે.

(પી) વાહનમાં ફીટ કરેલ સ્પીડ ગવર્નર ને ટેમ્પર કરેલ હોય અથવા વધુ ગતિ એ ચાલતુ હોય જે તે વખતે સિલ બંધ હોવા છતાય ટેક્નીકલ વ્યવસ્થા વાહન ચાલક, વાહન માલિક અથવા તો પરમિટ ધારક દ્વારાથી સ્પીડ ગવર્નરને ઇન ઈફેક્ટીવ કરવામા આવે તો તેને રુલ 118 સીએમવીઆર રુલ 1989 દ્વારા દોષીત ઠેરવામા આવે અને કાયદાનો તથા પરમિટની કંડીશનનો ભંગ કરવા બદલ મોટર વેહિકલ એક્ટ 1988 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

(કયુ) વાહન સાથે વેલીડ ફીટનેસ સર્ટીફીકેટ ના મળે અને જેમા સ્પીડ ગવર્નર ઇન્સ્ટોલેશનની વિગત દર્શાવેલ ના હોય તે વાહનનું રજીસ્ટ્રેશન કલમ-53 હેઠળ સસ્પેન્ડ કરવામાં આવી શકે છે.

(આર) કોઇ પણ આર.ટી.ઓ / એ.આર.ટી.ઓ દ્વારા તા.01/10/2015 પહેલા ઉત્પાદીત ટ્રાન્સપોર્ટ વાહનોને સ્પીડ ગવર્નર ફીટ મેન્ટ સિવાય ફીટનેસ સર્ટીફીકેટ આપવામાં નહી આવે. તેમજ તેમના કાર્યક્ષેત્રમાં કોઇપણ વાહન સ્પીડ ગવર્નર વગર ઉપયોગમાં લેવાતા માલુમ પડે તો તેને ડીટેઇન કરી મોટર વેહીકલ એક્ટ અને મોટર વેહિકલ રુલ્સના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. વહેલી તકે તમામ વાહનોમા સ્પીડ ગવર્નર મુકાઇ જાય જેથી રોડ સેફ્ટીનુ ધ્યેય પરિપુર્ણ થઇ શકે તે માટે તમામ આર.ટી.ઓ / એ.આર.ટી.ઓ દ્વારા પ્રોએક્ટીવલી કામગીરી કરવા તમામે અંગત નોંધ લેવી.

(એસ) વિભાગ ધ્વારા ભવિષ્યમાં સ્પીડ ગવર્નર સબંધમાં જે કોઇ સૂચનાઓ /પરિપત્રો / જાહેરનામાઓ બહાર પાડવામાં આવે તેનો પણ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રી કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના</u>:
તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી